મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૮૦ ટકા
ગાંધીનગર તાપમાન

શીતળા સાતમે વિવિધ વાનગીઓ ઓન ડિમાન્ડ

ગાંધીનગર, તા.૧

શીતળા સાતમના પવિત્ર તહેવારમાં આગળના દિવસે રાંધેલી રસોઈ આરોગવાની પરંપરા વર્ષોથી ચાલી આવે છે. શીતળા સાતમે ઘરમાં ચુલો સળગાવી ના શકાય તેવી માન્યતા હોવાથી રાંધણ છઠ્ઠના દિવસે જ બીજા દિવસ માટે વિવિધ વાનગીઓ તૈયાર કરી દેવાય છે. ત્યારે હાલની ભાગદોડવાળી જીંદગીને પગલે શીતળા સાતમના દિવસે પણ

આરોગી શકાય તેવી વાનગીઓ બજારમાં ઓન ડિમાન્ડ છે. જેમાં થેપલા, ભાખરી, પુરી, વડા, રબડી, રસમલાઈ, બાસુંદી, માલપુવા, બુંદીના લાડું, ચુરમાના લાડું, તેમજ કાજુ કારેલાનું શાક, સુકી ભાજી, સહિત હાંડવો, ઢોકળાનો સમાવેશ થાય છે. જયારે આ વર્ષે પાણીપુરીનો ટ્રેન્ડ પણ વધુ જોવા મળ્યો છે. બજારમાંથી પાણીપુરીની વિશેષ ખરીદી થવા પામી છે. બજારમાં મોટાભાગની તમામ ચીજવસ્તુઓના ભાવ કિલોના રૂ.૨૪૦ તેમજ તેની આસપાસ છે. જયારે શીતળા સાતમને અનુલક્ષી કેટલાક વેપારીઓએ ઠંડી પ્લેટર તૈયાર કરી છે જેમાં માત્ર રૂ.૧૩૦ માં ચાર થેપલા, દહીં, સુકી ભાજી, કાજુ કારેલા, અથાણું,મરચા અને ગુલાબજાંબુનો સમાવેશ થાય છે. શહેરના વેપારીઓએ શીતળા સાતમને અનુલક્ષી વિવિધ ચીજવસ્તુઓ બનાવી રાખી છે. જયારે મોડીસાંજના સુમારે ગ્રાહકો પણ ખરીદી કરતા જોવા મળ્યા હતા. વળી શ્રાવણ માસના ઉપવાસીઓ માટે પણ શીતળા સાતમના દિવસે ઉપવાસમાંથી મુકિત અપાઈ હોવાથી દરેક પ્રકારની વાનગી આરોગી શકતા હોવાના કારણે પણ ઠંડુ ખાવાની માન્યતા પ્રચલીત બની છે. ત્યારે શીતળા માતાજીની પૂજા અર્ચના કરીને ભકતો ઠંડુ ખાઈને દિવસ પસાર કરે છે અને ગરમ ચીજવસ્તુઓથી દુર રહે છે.

સે-૧૩ લિંમ્બચ માતાજી મંદિર ખાતે જન્માષ્ટમીની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના સેકટર-૧૩ ખાતે આવેલા લિંમ્બચ માતાજી મંદિર ખાતે રાત્રે ૧૨ કલાકે મહા આરતી સાથે શ્રી કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી ધામધુમથી કરવામાં આવશે તેમ પ્રેરણા પ્રગતિ મંડળ દ્વારા જણાવાયું છે. જન્માષ્ટમીની ઉજવણીમાં સૌ ભકતોને દર્શન-પ્રસાદનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

સે-૪ ખાતે આરોગ્ય પ્રવચન યોજાશે

આજે વૈદિક પરિવાર દ્વારા સાંજે ૪ કલાકે અનિંદ્રાના કારણો અને તેના ઉપાયો અંગે સેકટર-૪ પ્લોટ નં. ૩૪૨-૨ આર્યુકુંજ સોસાયટી ખાતે આરોગ્ય પ્રવચન યોજાશે.

ગુરુ બ્રાહ્મણ સમાજ દ્વારા ફ્રી માર્ગદર્શક સેમીનાર યોજાશે

ગુજરાત સરકાર દ્વારા લેવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી માર્ગદર્શન મળી રહે તે હેતુસર પાટનગર ગુરુ બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા તા. ૯ સપ્ટેમ્બરને રવિવારના રોજ સવારે ૯ કલાકથી ૫ કલાક સુધી ડો.બાબા આંબેડકર હોલ સેકટર-૧૨ ગાંધીનગર ખાતે ફ્રી સેમીનારનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સવારે ૯ કલાકે રજીસ્ટ્રેશન, પ્રથમસત્ર સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ તેમજ અલ્પાહાર બપોરે ૧૨.૩૦ થી ૧ કલાક દરમિયાન યોજાશે. ત્યારબાદ બીજુ સત્ર બપોરે ૧ કલાકથી ૫.૩૦ કલાક સુધી યોજાશે. ગુરુ બ્રાહ્મણ સમાજના ઉમેદવારો જવલંત સફળતા પ્રાપ્ત કરે તથા વધુમાં વધુ સમાજના યુવક-યુવતિઓને સરકારી નોકરી મળી રહે તેવા ઉમદા હેતુથી સંસ્થા દ્વારા એક દિવસીય ફ્રી વિદ્યાર્થી માર્ગદર્શક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સમાજના વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીની પુસ્તીકા આપવામાં આવશે. આ કાર્યક્રમમાં સમાજના વિદ્યાર્થીઓને મોટી સંખ્યામાં હાજર રહેવા સંસ્થાના કન્વીનરે અનુરોધ કર્યો છે.

સે-૨૨ જૈન દેરાસર ખાતે ચંદનબાળા જીવનચરિત્ર રજુ કરાયું

ગાંધીનગરના સેકટર-૨૨માં જૈન શ્વેતાંબર દેરાસર ખાતે શ્વેતાંબર જૈન મૂર્તિપૂજક સંઘ દ્વારા આયોજિત કાર્યક્રમમાં સંઘની મહિલાઓ દ્વારા તૈયાર કરાયેલ સ્ટેજ પ્રોગ્રામ જેમાં ચંદનબાળાએ મહાવીરને બાકુળા વહોરાવ્યા ત્યાં સુધીના ચંપૂર્ણ જીવન ચરિત્રને આવરી લેવાયું છે તે ચાતુર્માસ માટે પધારેલા પૂ. સાધુ-સાધ્વીજીઓની નિશ્રામાં રજૂ કરાયો હતો.

ભેળસેળ યુકત મિઠાઈ-ફરસાણનું વેચાણ કરતા વેપારીઓ સામે પગલા ભરવા માંગ

ગાંધીનગર, તા.૧

શહેરમાં તહેવારોની મૌસમનો પ્રારંભ થઈ ચુકયો છે અને તહેવારોમાં મઠાઈ-ફરસાણની માંગમાં ખૂબ વધારો જોવા મળે છે જેનો લાભ ઉઠાવી કેટલાક વેપારીઓ દ્વારા ભેળસેળ યુકત ઘી, માવા, પનીર અને તેલમાં બનતી મિઠાઈ-ફરસાણનું વેચાણ કરવામાં આવે છે. આ પ્રકારની હલકી ગુણવત્તા તથા ભેળસેળ યુકત મિઠાઈ-ફરસાણ આરોગીને નાગરિકોને ઝાડા ઉલ્ટી તથા વિષબાધાનો ભોગ બનવાનો ખતરો રહે છે. આ કારણે ભેળસેળ યુકત તથા હલકી ગુણવત્તા વાળા ઘી-માવા-પનીર-તેલ વગેરેના ઉપયોગથી બનતી મઠાઈઓ-ફરસાણ વગેરેના વેપારીઓ પર કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ગાંધીનગરની ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝયુમર વેલ્ફેર કમિટિ દ્વારા માંગ કરવામાં આવી છે. આ અંતર્ગત જનહિતાર્થે કમિટિના ડેલીગશન જેમાં નેશનલ પ્રેસિડેન્ટ સુધીર મોરે, રાજય જનરલ સેક્રેટરી અનિલ મોરે ઉપરાંત ગૌરાંગ પંડયા, વસીમ કાદરી, દીપક વ્યાસ, સુધીર વિચારે અને રાજન ત્રિવેદીનો સમાવેશ થાય છે. તેના દ્વારા ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમીનીસ્ટ્રેશન કમિશનર ડૉ. એચ.જી. કોશીયાને આવેદનપત્ર આપવામાં આવ્યું છે.

એસટી ડેપોમાં બસોના અવ્યવસ્થિત પાર્કિંગથી મુસાફરો ત્રસ્ત...!!!

વરસાદી માહોલમાં નિયત સ્ટેન્થી દૂર પાર્ક કરાતી બસોમાં ચઢવા જવું વરિષ્ઠ નાગરિકો તથા બાળકો સાથેની મહિલા મુસાફરો માટે જોખમરૂપ તહેવારોની રજાઓને અનુલક્ષીને સત્વરે કાર્યવાહી કરવા માંગ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના એસ.ટી. બસ ડેપોમાં છેલ્લા કેટલાક સમયથી એસટી ડ્રાયવરો દ્વારા બસને સ્ટેન્ડ પર ખોટી રીતે પાર્ક કરવાની સમસ્યા વધી રહેલી જોવા મળી રહી છે. ખોટી રીતે પાર્ક કરાયેલી બસના કારણે મુસાફરો પરેશાનીનો ભોગ બની રહ્યા છે અને એસટી ડેપો તંત્ર દ્વારા આગામી તહેવારોને અનુલક્ષીને આ બાબતે યોગ્ય પગલાં ભરાય તેવી મુસાફર જનતામાં માંગ ઉઠવા પામી છે.

અત્યારે ચોમાસાની ઋતુમાં ગાંધીનગરમાં જયારે વરસાદી વાતારવણ જામ્યું છે ત્યારે એસટી ડેપોમાં સ્ટેન્ડ પર બસને યોગ્ય રીતે ઉભી ના રખાતા મુસાફરોને હાલાકી ભોગવવી પડી રહી છે. એક તરફ ચાલુ વરસાદ હોય ત્યારે સ્ટેન્ડથી દૂર કે અવ્યવસ્થિત રીતે પાર્ક કરાયેલ બસમાં સવાર થવામાં ખાસ કરીને વરિષ્ઠ વયના મુસાફરો, બાળકો સાથેની મહિલાઓ વગેરેને તકલીફ પડે છે. વળી, બસ ડેપોમાં બસ કયા રૂટની છે તે જોવા જવું વરસાદી પાણીથી ભીના થઈ જવાને કારણે લપસી પડવાનું જોખમ વધી જાય છે એટલું જ નહી પરંતુ આ દરમિયાન આવન-જાવન કરતી અન્ય બસોના કારણે ભીના ગ્રાઉન્ડ ફલોર પર ઝડપી દૂર ખસવું મુશ્કેલ બને છે જેના કારણે અકસ્માત સર્જાવાની શકયતા વધે છે. એસ.ટી. ડેપોમાં જે તે રૂટ મુજબના નિયત સ્ટેન્ડ પર બસો યોગ્ય રીતે પાર્ક કરાય તે માટે ડેપો તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરાય તેવી મુસાફર જનતામાં માંગ ઉઠવા પામી છે.

કોબાથી અડાલજ માર્ગે ૩૫૮ વૃક્ષોના છેદનનો પ્રારંભ

કોબા-અડાલજ માર્ગને ૧૧ મીટર પહોળો કરવા વૃક્ષ છેદન હાથ ધરાયું : સ્થાનિક પ્રકૃતિ પ્રેમીઓ-જાગૃત નાગરિકોમાં રોષની લાગણી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના કોબાથી અડાલજ તરફના માર્ગે વૃક્ષો કાપવાનું ચાલુ કરતા સ્થાનિકોમાં વિરોધનો સૂર સાંભળવા મળી રહ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર કોબા-અડાલજ માર્ગને ૧૧ મીટર પહોળો કરવાની કામગીરી અંતર્ગત માર્ગ મકાન વિભાગ દ્વારા ૩૫૮ વૃક્ષોના છેદનની મંજૂરી મેળવવામાં આવી હતી. જે અંતર્ગત કામ આરંભાયું છે.

કોબા સર્કલથી અડાલજ તરફના માર્ગને એસજી હાઈવેથી સરળતાથી જોડાણ થઈ શકે તે હેતુથી ૧૧ મીટર પહોળો કરવામાં આવનાર છે. જેને અનુલક્ષીને માર્ગ અને મકાન વિભાગ દ્વારા નડતરરૂપ વૃક્ષોનો સર્વે કરીને ૩૫૮ વૃક્ષોને કાપવા માટે વન વિભાગ પાસે મંજૂરી માંગવામાં આવી હતી તથા તે માટે વળતરની રકમ પણ વન વિભાગને ચુકવી દેવામાં આવી હતી. હવે વનવિભાગ દ્વારા આ વૃક્ષોને કાપવાની મંજૂરી પ્રાપ્ત થઈ જતા માર્ગ મકાન વિભાગે કામગીરી આરંભી છે જે અંતર્ગત વૃક્ષ છેદનનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. જો કે સમયાંતરે ગાંધીનગરમાં રોડ પહોળો કરવા સહિતના વિકાસ કાર્યોના બહાના તળે વૃક્ષોની આહુતિ અપાય છે જે બાબતે પાટનગરના પ્રકૃતિ પ્રેમીઓ સહિત જાગૃત નાગરિકોમાં રોષની લાગણી પ્રવર્તે છે. વિકાસના ઓથા હેઠળ હજજારો વૃક્ષોનું નિકંદન નીકળી ચુકયું છે. તાજેતરમાં જ આ સંદર્ભે શહેરમાં વિરોધનો સૂર જોવા મળ્યો હતો અને પ્રકૃતિ પ્રેમીઓના રોષની સામે તંત્રએ નમતું જોખવું પડયું હતું. ફરી એકવાર રસ્તો પહોળો કરવાના ઓથા હેઠળ વૃક્ષ નિકંદન કાર્ય હાથ ધરાતા સ્થાનિક પ્રકૃતિ પ્રેમીઓ તથા પ્રબુધ્ધ નાગરિકોમાં પર્યાવરણના નામે બણગાં ફૂંકતી અને બીજી તરફ હરીભરી વનરાજીનો સોથ વાળતી સરકાર સહિત માર્ગ મકાન વિભાગ અને વન વિભાગ વગેરે તંત્ર પ્રત્યે પણ રોષ પ્રગટી રહ્યો છે શકય છે કે આગામી દિવસોમાં આ કામગીરીનો સારા જાહેર વિરોધ કરતા દેખાવો પણ યોજાય તો નવાઈ નહીં.

તહેવારો નિમિત્તે મીક્ષ ચવાણું અને પેંડાના ભાવમાં ઘટાડો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લામાં આગામી તહેવારો નિમિત્તે જિલ્લા નાગરિકોને વ્યાજબી ભાવે ફરસાણ મળી રહે તે માટે જિલ્લા પુરવઠા અધિકારી, ગાંધીનગર દર્શનાબેન રાંક અને શહેર મીઠાઈ-ફરસાણ ઉત્પાદક વેપારી મંડળના મંત્રી દિલિપભાઈ તથા ખજાનચી અલ્કેશભાઈની આગેવાની હેઠળ તાજેતરમાં બેઠક યોજાઈ હતી. જેમાં તહેવારો દરમ્યાન હાલના ભાવોમાં ઘટાડો કરી રાહત દરે મીક્ષ ચવાણું રૂ. ૨૦૦/- પ્રતિ કિલો તથા પેંડા રૂ. ૩૬૦/- પ્રતિ કિલોના ભાવ પ્રમાણે વેચવાનું સર્વ સંમતિથી નક્કી કરવામાં આવ્યું છે. જેનો લાભ લેવા જિલ્લા પુરવઠા અધિકારીએ જણાવ્યું છે.

શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક સોમવારે મળશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેર નાગરિક પરિષદની દરેક મહિનાની પહેલી તારીખ પછીના સોમવારે મળતી બેઠક તા. ૩જી સપ્ટેમ્બરના રોજ સંસ્થાના પ્રમુખ જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને સાંજના પાંચ વાગે સેકટર-૨૧ના નમન એપાર્ટમેન્ટ ખાતે મળશે. જેમાં પ્રશ્નોની સમીક્ષા કરવામાં આવશે. તો સભ્યશ્રીઓએ પદાધિકારીઓ તેમજ કાર્યવાહક સમિતિના સભ્યશ્રીઓએ બેઠકમાં હાજર રહેવા મહામંત્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવેલ છે.

પુંધરા ગામની શાળામાં કેન્સર અવેરનેસ કાર્યક્રમ

બાળકો પ્રત્યે વાલીઓનું વર્તન કેવું હોવું જોઈએ તે સંદર્ભે વાલીઓ સાથે વિશેષ સંવાદ

ગાંધીનગર, તા.૧

શહેરી વિસ્તારો કરતાં ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા વ્યકિતઓમાં વ્યસનનું પ્રમાણ ખૂબ જ વધુ હોવાનું સ્ફોટક તેમજ ચિંતાજનક તારણ વિવિધ સર્વેમાં બહાર આવેલું છે તે જગજાહેર છે. ચોંકાવનારી બાબત એ છે કે હવે ગ્રામ્ય વિસ્તારોની શાળાઓમાં અભ્યાસ કરતા બાળકો સુધી પણ આ વ્યસન અજગર ભરડો લેતો જાય છે. આ બાબતને ગંભીરતાથી લઈને અનેક સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા અવેરનેસ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. વ્યસનમુકિત અવેરનેસ કાર્યક્રમો ગ્રામ્ય વિસ્તારની શાળા કોલેજોમાં યોજીને વિવિધ સંસ્થાઓ દ્વારા જન જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. આવો જ એક કાર્યક્રમ ગઈકાલે શુક્રવારે ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં આવેલા પુંધરા

ગામની એક શાળામાં યોજાયો હતો. વ્યસન મુકિતના અભિયાન સાથે સંકળાયેલી જાણીતી આયુષ કેન્સર જાગૃતિ સંસ્થા દ્વારા ગઈકાલે માણસા તાલુકાના પુંધરા ગામે આવેલી શેઠ એમ ડી હાઈસ્કુલ ખાતે શાળા સંચાલકોના સહયોગથી કેન્સર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થા દ્વારા શાળાના બાળકો અને તેમના વાલીઓને એકત્ર કરીને શાળાના હોલમાં કેન્સર અવેરનેસ સંલગ્ન ફિલ્મ બતાવી વ્યસનથી થતા નુકસાનો અને ભવિષ્યમાં વ્યસની વ્યકિત તથા તેના પરિવારને આકસ્મિક આવી પડતી આપત્તિઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ અવરનેસ કાર્યક્રમમાં એક વિશેષ વિષય ઉપર ચર્ચા કરવામાં આવી હતી. બાળકો સાથે વાલીઓએ કેવુ વર્તન કરવું યોગ્ય છે? આ વિષય ઉપર અમદાવાદના જાણીતા મોટીવેશનલ સ્પીકર જયશ્રીબેન બ્રહ્મભટ્ટ દ્વારા ૨૦૦થી વધુ વાલીઓ સાથે વિશેષ સંવાદ યોજવામાં આવ્યો હતો. શાળા સંચાલકો તથા ગામના આગેવાનો દ્વારા સંસ્થાને આ કાર્યક્રમમાં ખાસ સહકાર આપવામાં આવ્યો હતો.

કલોલના શેરીસા ગામમાં ધમધમતા દેશી દારૂના અડ્ડા પર એલસીબીનો દરોડો

દેશી દારૂ ગાળવા વપરાતો ૪૦૦૦ લીટર વોશ તથા ૨૪૫ દેશી દારૂ ભરેલા પીપળા જપ્ત : બુટલેગરની ધરપકડ

ગાંધીનગર, તા. ૧

જિલ્લાના કલોલ તાલુકામાં આવેલા શેરીસા ગામનો લિસ્ટેડ બુટલેગર ભરત ઠાકોર દેશી દારૂનો મોટો અડ્ડો ચલાવી રહ્યો હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલસીબીની ટીમે શેરીસા કેનાલ પાસે ગોચર જમીનમાં દરોડો પાડ્યો હતો અને અડ્ડા પરથી દેશી દારૂ ગાળવા માટે વપરાતા વોશ ભરેલા પીપળા અને તૈયાર થયેલો દેશી દારૂનો જથ્થો પકડી પાડ્યો હતો. એલસીબીની ટીમે દેશી દારૂ બનાવવાનો વોશ અને દારૂનો જથ્થો જપ્ત કરી બુટલેગર ભરત ઠાકોરની ધરપકડ કરી લીધી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ તરલ ભટ્ટની ટીમ કલોલ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે કોન્સ્ટેબલ જીતેન્દ્રસિંહને બાતમી મળી હતી કે કલોલના શેરીસા ગામે નર્મદા કેનાલની બાજુમાં આવેલી ગોચર જમીનમાં દેશી દારૂનો અડ્ડો ધમધમી રહ્યો છે. આ બાતમીના આધારે ટીમે દરોડો પાડીને સ્થળ પરથી ૨૪૫ લિટર દેશી દારૂ અને જમીનમાં દાટેલા વોશ ભરેલા પીપળા પકડી પાડ્યા હતા. પીપળા માટે ચાર હજાર લિટર દેશી દારૂ બનાવવા માટે વપરાતો વોશ મળી આવ્યો હતો. એલસીબીની ટીમે દેશી દારૂ અને વોશ મળી કુલ રૂ ૧૯,૫૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી બુટલેગર ભરત વજાજી ઠાકોરની ધરપકડ કરી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચિરવિદાય

- સ્વ. ઠાકોર મણીબેન છગનજી, ઉ.વ. ૧૦૦
- સ્વ. ભુદરભાઈ ગીરધરદાસ પટેલ, ઉ.વ. ૮૬
- સ્વ. નગીનભાઈ સોમાભાઈ રાઠોડ, ઉ.વ. ૭૯
- સ્વ. પંડયા મધુસુદન દીનમણીશંકર, ઉ.વ. ૭૮